# સંવત ૨૦૭૫નું રાશિવાર ભવિષ્ય

## મેષ : (અ.લ.ઈ.) :




વિ.સં. ૨૦૭૫ વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા આઠમે સ્થાને રહેતા તા. ૨૯-૩-૨૦૧૯થી તમારા નવમા ભાગ્યભાવે આવશે. વળી તા. ૨૨-૪-૨૦૧૯થી વક્રી ગુરૂ તમારા આઠમે આવશે. શનિ આખું વર્ષ તમારા નવમા ભાગ્યભાવે રહે છે. રાહુ વર્ષની શરૂઆતમાં તમારા ચોથા સ્થાને અને કેતુ તમારા દસમે રહેતા તા. ૭-૩-૨૦૧૯થી રાહુ તમારા ત્રીજા સ્થાને અને કેતુ નવમા ભાગ્યભાવે આવશે. વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા આઠમા સ્થાને રહે છે. આર્થિક-શારીરિક નુકસાનના યોગો બને. આરોગ્ય અંગેની કાળજી રાખવી. આર્થિક સંજોગો કપરા બનતા જણાય. આધ્યાત્મિક કાર્યો તરફની તમારી રૂચિ વધવા છતાં ધાર્મિક આડંબરો વધે. વડિલવર્ગ તરફથી લાભ મળવા છતાં મનદુ:ખના પ્રસંગો બને. બ્લડપ્રેશર કે હાર્ટ સંબંધી તકલીફોવાળાએ સંભાળવું. શારીરિક નુકસાનના અનેક યોગ બને. તમારામાં આળસ અને બેચેની વધે. રોજબરોજ અવનવી તકલીફો ઉભી થતી જણાય. શ્વસુર પક્ષ તરફથી લાભની આશા નકારી શકાતી નથી. તમારી જીવનશૈલીમાં પરિવર્તન આવતું જણાય. ધંધા-વ્યવસાયિક નફો મળવા છતાં તમે તેનો યોગ્ય લાભ ન મેળવી શકો. સ્થાવર સુખની વૃદ્ધિ થાય. ધાર્મિક યાત્રા-મુસાફરી કષ્ટદાયી નિવડે.

તા. ૨૯-૩-૨૦૧૯થી ગુરૂ તમારા નવમા ભાગ્યભાવે આવશે જે ભાગ્યવૃદ્ધિમાં વધારો કરે પરંતુ તમે આર્થિક પ્રાપ્તિ ન કરી શકો. વ્યવસાયિક લાંબી મુસાફરીના યોગ બને. તા. ૨૨-૪-૨૦૧૯ સુધી શનિ-કેતુ સાથે રહેતા ધંધા-વ્યવસાયિક કાર્યોમાં અવરોધો તેમજ વિલંબ બાદ સફળતા મળે. સટ્ટાકીય કાર્યોમાં સંભાળવું. અણધાર્યા ધનવ્યયના યોગ બને. મહત્વના નિર્ણયો લેવામાં સંભાળવું. ધાર્મિક આડંબરો વધે. વડિલવર્ગ તરફથી વારસાગત લાભ મળે. શારીરિક તકલીફો તરફ બેદરકારી ન રાખતા કાળજી રાખવી. યશ-માન-પ્રતિષ્ઠાની વૃદ્ધિ થાય. તમારી પરોપકારી વૃત્તિમાં વધારો થાય. માનસિક અશાંતિ રહે. અહીં તમે ભાવુકતાની દૃષ્ટિએ ખંડિત થતાં જશો. તમને ભૌતિક વૈભવી જીવન જીવવાની આદત પડશે. ધાર્મિક-માંગલિક કાર્યો પાછળ ધનવ્યયના યોગ વધુ બને.

તા. ૨૨-૪-૨૦૧૯થી વક્રી ગુરુ પાછો તમારા આઠમા સ્થાને આવશે. જે આર્થિક તેમજ શારીરિક નુકસાનના યોગ બનાવે. કાનૂની કાર્યોમાં સંભાળવું. આકસ્મિક ખર્ચના યોગ બને. જન્મના ગ્રહો પ્રતિકૂળ હશે તો કોઈ મોટી ઘાતક બિમારીના યોગ બને. સટ્ટાકીય કાર્યો કે દલાલીને લગતા કાર્યોથી દૂર રહેવું હિતાવહ ગણાય. આવક સંબંધી લાલચમાં ફસાઈ ન જવાય તેની કાળજી રાખવી. તમે દુન્યવી મોહમાયાથી દૂર જવાનો નિરર્થક પ્રયાસ કરશો. વડિલવર્ગ સાથે મનદુ:ખના પ્રસંગો બને. સામાજિક સંબંધોની તૂટફૂટ સર્જાય. આર્થિક-શારીરિક દૃષ્ટિએ તમારી કસોટી થતી જણાય.

શનિ આખું વર્ષ તમારા નવમા ભાગ્યભાવે રહે છે. જે ભાગ્યવૃદ્ધિમાં વિઘ્નો રૂકાવટો તેમજ વિલંબ કરાવે. ધન-ભાગ્યવૃદ્ધિના કાર્યોમાં અવરોધો આવે. ધાર્મિક યાત્રા-મુસાફરી કષ્ટદાયી નિવડે. વડિલવર્ગને ઘાતક બિમારીના યોગ બને. ધીરધારનો ધંધો કરનારે કાળજી રાખવી. પુરુષાર્થની સફળતા વિલંબ બાદ મળે. ધાર્મિક કાર્યો પાછળ ધનવ્યય સારા થાય. ભાઈ-ભાંડુ સાથે વિચારોમાં અલગતા રહે. આર્થિક અનેક નાની-મોટી તકલીફો આવે. ભાગીદારીના વ્યવસાયિકોને આર્થિક લેવડ દેવડમાં સંભાળવું. ગેરવ્યાજબી ખર્ચના અનેક યોગો બને. નોકરીયાત વર્ગને બઢતી કે પ્રમોશન અંગેના કાર્યોમાં વિલંબ કે વિઘ્નો આવે. કાનૂની કાર્યોમાં સંભાળવું. અંગત સમસ્યાઓ વિકટ બનતી જણાય. પારિવારિક કાનૂની સમસ્યાઓથી સંભાળવું. તા. ૨૯-૩-૧૯થી તા. ૨૨-૪-૧૯ સુધી સાથે ગુરૂ-કેતુ રહેતા ધાર્મિક કાર્યો પાછળ આર્થિક વ્યય થાય. ધાર્મિક આડંબરો વધે. સ્થાવર બાબતે અવરોધો આવે. યાત્રા-મુસાફરી કષ્ટદાયી બને.

વર્ષની શરૂઆતમાં રાહુ તમારા ચોથા સુખ સ્થાને રહે છે. જે અહીં શુભ ફળ આપવા સમર્થ નથી. આંતરિક-શારીરિક તેમજ માનસિક તકલીફો રહે. બિનજરુરી વાદ-વિવાદથી દૂર રહેવું. ગેર કાનૂની કાર્યોથી સંભાળવું. નોકરિયાત વર્ગને સહકાર્યકરો સાથેના સંબંધો બગડે. કોઈના ઋણાનુબંધ ન થવાય તેની કાળજી રાખવી. માતા સાથે તેમજ વડિલવર્ગ સાથે વિચારભેદ રહે. સામાજિક કાર્યોમાં પાછા પડતા જાવ. સ્થાવર-મિલ્કત અંગેના કાર્યમાં અવરોધો આવે. વારસાગત લાભો નહીંવત મળતા જણાય. વડિલવર્ગને શારીરિક નાની-મોટી તકલીફો રહે. માતા તેમજ વડિલવર્ગ સાથે મનદુ:ખના પ્રસંગો બને. બિનજરૂરી વાદ-વિવાદથી દૂર રહેવું.

વર્ષની શરૂઆતમાં કેતુ તમારા દસમા કર્મસ્થાને રહે છે. આર્થિક સમસ્યાઓ તમારી પરેશાની વધારે. આજીવિકાના સાધનોની ઉપેક્ષા કરાવે. લોભામણી અનેક લાલચો તમને આકર્ષિત કરતી જણાય. હાર્ટ તેમજ બ્લડપ્રેશર સંબંધી તકલીફવાળાએ સંભાળવું. પરીવારના સભ્યોમાં તમને સ્વાર્થના દર્શન થશે. સાહિસક કાર્યોમાં ફસાઈ જવાના યોગ બને. પારિવારિક જવાબદારીમાં વધારો થાય. ધંધા-વ્યવસાયિક નાની-મોટી તકલીફો રહે. નિરાશા વારંવાર મળતાં માનસિક અશાંતિ રહે.

તા. ૭-૩-૨૦૧૯થી રાહુ તમારા ત્રીજા પરાક્રમ સ્થાનમાં આવશે. ભાઈ-ભાંડુ સાથે મતભેદો રહે. સાહસિક કાર્યો સારા થાય. આર્થિક પ્રાપ્તિ માટે તમે નવીન યોજનાઓ તરફ આકર્ષાશો. તમારા આત્મવિશ્વાસમાં વધારો થાય. આકસ્મિક ધનપ્રાપ્તિના યોગ બને. નોકરિયાત વર્ગને અનિશ્ચિત પરિવર્તનના યોગો બને. મિત્રવર્ગથી મનદુ:ખના પ્રસંગો બને. અંગત જવાબદારી પૂર્ણ કરવામાં તમે પાછા પડતા જણાવ. પારિવારિક જવાબદારીમાં વધારો થતો જણાય. અનેક અદૃશ્ય સફળતાઓ મળતી જણાય. કૌટુંબિક માંગલિક કાર્યો પાછળ ખર્ચ થાય. હિતશત્રુઓ પર વિજય થાય. સાહસિક કાર્યકર્તાઓને અણધાર્યા પરિવર્તન થાય.

તા. ૭-૩-૨૦૧૯થી કેતુ તમારા નવમા ભાગ્યભાવે આવશે. ધાર્મિક કાર્યોમાં અવરોધ આવે. યાત્રા-મુસાફરી કષ્ટદાયી નિવડે. ભાગ્યવૃદ્ધિના કાર્યોમાં અવરોધ-રૂકાવટો આવે. મહેનત-પરીશ્રમ છતાં સફળતા નહીંવત મળતી જણાય. નિરાશાને દૂર કરી સતત પ્રયત્નશીલ રહેશો તો સફળતા મેળવશો. વિધીના લેખાજોખાથી કોઈ બચતું નથી. તેનો અહીં તમે અનુભવ કરશો. ધાર્મિક આડંબરો પાછળ ધનવ્યય વધુ થાય. વાણીના કારણે કેટલાય સંબંધો બગડતા જણાય. તમે હારની બાજીને પલટાવવાની નિરર્થક કોશિષ કરશો.

સ્ત્રીઓ માટે :

સ્ત્રીઓને આ વર્ષ મિશ્ર ફળદાયી ગણાય. આંતરિક-શારીરિક તકલીફો રહે. ભાગ્યવૃદ્ધિમાં અવરોધો આવે. તમારી મનોવૃત્તિ બદલાતી જણાય. વિવેક અને મર્યાદા જાળવવા જરુરી બને. અણગમતા વાતાવરણના કારણે તમે ઉગ્ર બનશો. સંતાનની પ્રગતિ થાય. કૌટુંબિક પ્રશ્નો તમારી પરેશાની વધારે. આર્થિક પ્રશ્નો વધુ ગૂંચવાય. નોકરી કરતી સ્ત્રીઓને ઉપરી વર્ગ તેમજ સહકાર્યકરો સાથે અણબનાવ રહે. જવાબદારી નિભાવવામાં તમે પાછા પડતા જણાવ. ભાઈ-ભાંડુ તરફથી લાભ થાય. તમારી કાર્યપદ્ધતિથી પરિવારના સભ્યો નારાજ થતા જણાય. નજીવી બાબતમાં ગેરસમજ ઉભી થાય. સામાજિક દરજ્જો જાળવવા તમારે પ્રયત્નો કરવા પડશે.

વિદ્યાર્થીઓ માટે :

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. મહેનત-પરિશ્રમ છતાં સફળતા ઓછી મળતી જણાય. બિનજરુરી થાકના કારણે તમે અભ્યાસ પરત્વે બેદરકાર બનો. તમે હકારાત્મક કે નકારાત્મક નિર્ણય ન લઈ શકો શારીરિક તકલીફોથી સંભાળવું. ખાનપાનની નિયમિતતા જાળવવી જરુરી બને. ડિગ્રી પ્રાપ્તિવાળાએ વધુ મહેનતની જરૂર જણાય. અભ્યાસની સાથે નોકરી કરનાર વિદ્યાર્થીને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે.

## વૃષભ : (બ.વ.ઉ.) :




વિ.સં. ૨૦૭૫ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા સાતમે રહેતા તા. ૨૯-૩-૨૦૧૯થી તમારા આઠમા સ્થાને આવશે. વળી તા. ૨૨-૪-૨૦૧૯થી વક્રી ગુરૂ તમારા સાતમે આવશે. શનિ આખુ વર્ષ તમારા આઠમા સ્થાને રહે છે. અહીં તમારે અઢી વર્ષની નાની પનોતી લોઢાના પાયે ચાલે છે. રાહુ વર્ષની શરૂઆતમાં તમારા ત્રીજા પરાક્રમ સ્થાને અને કેતુ તમારે નવમા ભાગ્યભાવે રહેતાં તા. ૭-૩-૧૯થી રાહુ તમારા બીજા ધનસ્થાને અને કેતુ તમારા આઠમા સ્થાને આવશે.

વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા સાતમા સ્થાને રહે છે. જેથી આંતરિક અશાંતિ રહે. મિત્રના ઘરમાં હોવાથી શુભ ફળદાયી બને. સાહસિક કાર્યોમાં સફળતા મળે. ધાર્મિક કાર્યો તેમજ ધાર્મિક યાત્રા-મુસાફરીના યોગ બને. ભાઈ-ભાંડુના જીવનમાં શુભ માંગલિક કાર્યો થાય. ભાગીદારીના વ્યવસાયિકોને લાભ થાય. તેમજ નવીન ભાગીદારી અંગેના કાર્યો થાય. આવકના પ્રમાણમાં ખર્ચ વધુ થાય. સામાજિક સંબંધોની તૂટફૂટ થતી જણાય. અગમનિગમ વિશે જાણવાની તમારી જિજ્ઞાશા વધતી જણાય. આંતરિક-માનસિક અશાંતિ રહે. ખોટા ખર્ચના અનેક પ્રસંગો બને. સામાજિક કાર્યો માટે ધન વ્યય વધુ થાય. અંગત વ્યકિત સાથે મનદુ:ખના પ્રસંગો બને. બિનજરૂરી ખર્ચથી દૂર રહેવું જરુરી બને.

તા. ૨૯-૩-૧૯થી ગુરૂ તમારા આઠમા સ્થાને આવશે. આંતરિક-માનસિક તેમજ શારીરિક તકલીફો વધે. શારીરિક નુકસાનના યોગ બને. આર્થિક દષ્ટિએ તમે એક અદભૂત સ્થિતિમાં જીવશો. અનેક અવનવી ઘટનાઓ દ્વારા તમે બ્લેકમેઈલ થતાં જણાવ. ધાર્મિક કાર્યો તેમજ ધાર્મિક આડંબરોમાં વધારો થતો જણાય. આધ્યાત્મિક કાર્યો વધુ થાય. વડિલવર્ગ સાથે મનદુ:ખના પ્રસંગો બને. આરોગ્ય બાબતે કાળજી લેવી જરૂરી બને. આરોગ્ય અંગેની બેદરકારી મોટી ઘાતક બિમારી આપી જાય. તા. ૨૯-૩-૧૯થી તા. ૨૨-૪-૨૦૧૯ સુધી શનિ-કેતુ સાથે રહેતાં તમારી કપરી કસોટી થતી જણાય. તમે તમારા 'સ્વ'ને ખંડિત થતું જોશો. શારીરિક મોટી બિમારીથી સંભાળવું.

તા. ૨૨-૪-૨૦૧૯થી વક્રી ગુરૂ પાછો તમારા સાતમા સ્થાને આવશે. જે આંતરિક અશાંતિ વધારશે. સામાજીક સંબંધોની તૂટફૂટ થાય. ભાઈ-ભાંડુથી લાભ થાય. ધાર્મિક મુસાફરી લાભદાયી નિવડે. અણધારી ઉપાધિઓ વધે. આંતરિક-દામ્પત્યજીવન સંબંધી તકલીફો રહે. અંગત વ્યકિત સાથે મનદુ:ખના પ્રસંગો બને. ભાગીદારીના વ્યવસાયિકોએ સંભાળવું. વિપરીત સંજોગોનો સામનો કરવો પડે. પેટ સંબંધી તેમજ ગુપ્તદર્દ સંબંધી નાની મોટી તકલીફો રહે.

શનિ આખું વર્ષ તમારા આઠમા સ્થાને રહે છે. અહીં તમારે અઢી વર્ષની નાની પનોતી લોઢાના પાયે ચાલશે. જે શારીરિક નાની-મોટી તકલીફો રાખે. પડવા-વાગવા-અંગપીડા કે શસ્ત્રક્રિયા સંબંધી તકલીફો રહે. તમારામાં આળસ-થાક-બેચેની રહ્યા કરે. અસાધારણ સમસ્યાઓ સર્જાય. કુટિલ ચાલ દ્વારા આવક વધારવાની તમારી નીતિ સફળ ન થાય. પારિવારિક તકલીફો તમારી પરેશાની વધારે. વડિલોપાર્જીત સંપત્તિના પ્રશ્ને અવરોધો આવે. નોકરિયાત વર્ગને ઉપરી વર્ગથી મનદુ:ખના અનેક પ્રસંગો બને. વધુ મેળવવાની લાલચમાં ઘણું ગુમાવવું પડશે. ખોટા વિચારો તેમજ વાદવિવાદથી




